# 27

## મહેસાણા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માટેની અરજીઓ

***15/4/977 શ્રી સરદારભાઇ શામળભાઇ ચૌધરી(ખેરાલુ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:–**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે, | (૧) | ૬,૭૭૮ |
| (૨) | ઉક્ત સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) | (નીચે કોષ્ટક) |
| (૩) | આવી અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે? | (૩) | (નીચે) |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | ઉંઝા | ૧૯૩ |
| ૨ | કડી | ૩૧૧૭ |
| ૩ | ખેરાલુ | ૪૦ |
| ૪ | જોટાણા | ૧૩૭ |
| ૫ | બેચરાજી | ૧૧૯ |
| ૬ | મહેસાણા | ૫૫૮ |
| ૭ | વડનગર | ૬૨ |
| ૮ | વિજાપુર | ૨૧૮ |
| ૯ | વિસનગર | ૨૨૭ |
| ૧૦ | સતલાસણા | ૩૫ |

(૩) અરજીઓ ના મંજુર/દફતરે થવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

(૧) અરજદારશ્રી દ્વારા કરવામાં આવેલ અરજીઓ અધૂરી વિગતે રજૂ થયેલ હોવાથી,
(૨) જરૂરી આધાર પૂરાવા રજૂ કરેલ ન હોઇ,
(૩) અરજદારશ્રી દ્વારા અરજીનો પ્રકાર ખોટો સિલેક્ટ કરેલ હોવાથી,
(૩) અરજી તથા સ્વઘોષણા પત્ર નિયત સમયમર્યાદામાં રજૂ કરેલ ન હોઇ,
(૪) સંબંધિત કચેરીઓ દ્વારા નકારાત્મક અભિપ્રાય આપેલ હોવાથી,
(૫) નવી શરતની જમીન જુની શરતમાં ફેરવેલ ન હોવાથી,
(૬) IORA માં અરજી કર્યા બાદ ઇ–ધરામાં કાચી નોંધ દાખલ થયેલ હોવાથી ટેકનીકલ કારણોસર
(૭) મહેસૂલી ટાઇટલ કલીયર ન હોવાથી

\-\-\-\-\-\-\-\-\-\-\-\-\-\-